# હવે વડોદરાના કોંગીના પાંચ સભ્ય ભાજપમાં સામેલ થયા

## કોંગ્રેસની ડૂબતી નૈયા : પક્ષ છોડવાનો સીલસીલો યથાવત

અમદાવાદ, તા. ૨૪

ભાજપના વડાપ્રધાનપદના ઉમેદવાર તથા ગુજરાતના મુખ્યમંત્રી નરેન્દ્ર મોદી વડોદરાની લોકસભાની બેઠક પરથી પણ ચૂંટણી લડી રહ્યા છે ત્યારે કોંગ્રેસની નૈયા ડુબી રહી હોય તેમ કોંગ્રેસના અગ્રણીઓનો ભાજપમાં જોડાઈ જવાનો દૌર બદસ્તુર જારી રહ્યો છે.

લોકસભાની ચૂંટણી પહેલા સાવલી તાલુકા કોંગ્રેસના પાંચ આગેવાનો તેમજ ૫૦ જેટલા કાર્યકરો બરોડા ડેરીના પૂર્વ ડિરેક્ટર નિયો પટેલની આગેવાની હેઠળ ભાજપમાં જોડાતાં સાવલીમાં કોંગ્રેસને વધુ એક ફટકો પડ્યો છે. ભાજપ પ્રમુખ સતિષ પટેલ અને ધારાસભ્ય કેતન ઈનામદારની ઉપસ્થિતિમાં બુધવારે યોજાયેલા સંમેલનમાં બરોડા ડેરીના પૂર્વ ડિરેક્ટર નિયો પટેલ, સાવલી એપીએમસીના ડિરેક્ટર ભરત પટેલ તેમજ આગેવાનો સુધીર પટેલ, પંકડ પટેલ, સુરેશ પટેલ, અશોક પટેલ અને બકાભાઈ પટેલ સહીત ૫૦ જેટલા કાર્યકરોએ કેસરીયો ખેસ ધારણ કરી ભાજપમાં પ્રવેશ મેળવ્યો હતો. જેના પગલે સાવલી કોંગ્રેસમાં વધુ એક ગાબડું પડ્યું છે.

કોંગ્રેસના આગેવાનો ભાજપમાં જોડાઈ રહ્યા હોવાની ઘટના પાછળ સાવલી તાલુકાનું અલગ રાજકીય સમીકરણ મંડાઈ રહ્યું છે. બરોડા ડેરી જિલ્લા-તાલુકા પંચાયત તેમજ સાવલી નગર પાલિકાની ૨૦૧૫માં યોજનારી ચૂંટણીને ધ્યાનમાં રાખી રાજકીય ફાયદો મેળવવા માટે કોંગી આગેવાનો-કાર્યકરો ભાજપમાં જોડાઈ રહ્યા હોવાની ચર્ચા શરૂ થઈ છે.

# અડવાણી અમરેલી તેમજ કચ્છમાં સભાને સંબોધશે

## નરેન્દ્ર મોદી આજે પંજાબમાં પાંચ ચૂંટણી સભા સંબોધશે

અમદાવાદ, તા. ૨૪

ભાજપ પ્રદેશ મીડીયા સેલ એક અખબારી યાદીમાં જણાવે છે કે, આવતીકાલ તા. ૨૫-૪-૧૪ને શુક્રવારના રોજ ભાજપના રાષ્ટ્રીય નેતા લાલકૃષ્ણ અડવાણી બપોરે અમરેલી લોકસભાક્ષેત્રના મહુવા (ભાવનગર) વિધાનસભા ક્ષેત્રમાં ગાંધીજીની પ્રતિમા પાસે, મહુવા અને સાંજના કચ્છ લોકસભાક્ષેત્રમાં મામલતદાર કચેરી પાછળ, ગાંધીધામ ખાતે જાહેરસભાઓને સંબોધશે.

બપોરે ૩:૦૦ કલાકે ગાંધીજીની પ્રતિમા પાસે, મહુવા, ભાવનગર અને સાંજે ૫:૩૦ કલાકે કચ્છના મામલતદાર કચેરી પાછળ, ગાંધીધામ ખાતે સભા સંબોધશે. દરમિયાન ભાજપ પ્રદેશ મીડીયા સેલની એક યાદી જણાવે છે કે, આવતીકાલે તા. ૨૫-૪-૧૪ને શુક્રવારના રોજ મુખ્યમંત્રી નરેન્દ્ર મોદી પંજાબમાં પાંચ ભારત વિજય ચૂંટણી સભાઓ સંબોધશે. નરેન્દ્ર મોદી બપોરે ૧૨:૦૦ કલાકે પઠાણ કોટના ટ્રક સ્ટેન્ડ ખાતે, બપોરે ૧:૩૦ કલાકે હોશિયારપુરના રોશન ગ્રાઉન્ડ ખાતે, ૨:૪૫ કલાકે લુધીયાણાના અનાજ મંડી ખાતે, ૪:૧૫ કલાકે ભટીંડાના મોડલ ટાઉન અને સાંજે ૬:૩૦ અમૃતસરમાં સભા કરશે.

# મોઢવાડીયા, મંગુભાઈ પટેલ અને રમણ વોરાને પંચની નોટીસ

## આચારસંહિતાનો ભંગ કરનાર આગેવાનોને ૨૫મી સાંજ સુધીમાં જવાબ રજુ કરવા ચૂંટણી પંચે કડક સૂચના આપી

ગાંધીનગર, તા. ૨૪

ગુજરાતમાં ૩૦મી એપ્રિલે યોજાનારી લોકસભાની ચૂંટણીના પ્રચાર દરમિયાન આચારસંહિતાનો ભંગ કરનાર વિધાનસભાના ડેપ્યુટી સ્પીકર મંગુભાઈ પટેલ, શિક્ષણ મંત્રી રમણ વોરા, કોંગ્રેસના પ્રદેશ પ્રમુખ અર્જુન મોઢવાડીયા વગેરેને ચૂંટણી પંચે નોટીસ ફટકારી આવતીકાલે તા. ૨૫મીએ સાંજ સુધીમાં જવાબ રજુ કરવા તાકીદ કરી છે.

એક સાથે અનેક રાજકીય મોટામાથાઓ ઉપર ચૂંટણીપંચ તવાઈ ઉતારતા રાજકીય વર્તુળોમાં ભારે ખળભળાટ ફેલાયો છે. ચૂંટણીપંચના સુત્રોના જણાવ્યા પ્રમાણે વિધાનસભાના ડેપ્યુટી સ્પીકર મંગુભાઈ પટેલે નવસારીના ચૂંટણી પ્રચાર દરમિયાન એવો પ્રચાર કર્યો હતો કે ગત વખતે બે બુથમાં ભાજપને સરસાઈ નહોતી મળી તેવા બુથમાં સો મતની લીડ મળશે તો સરકારી ગ્રાન્ટમાંથી મદદ કરવામાં આવશે. આ બાબત આચારસંહિતાનો ભંગ ગણી ચૂંટણીપંચે નોટીસ આપી જવાબ રજુ કરવા તાકીદ કરી છે. જ્યારે શિક્ષણ મંત્રી રમણભાઈ વોરાએ છોટાઉદેપુરના પ્રચાર દરમિયાન કેન્દ્ર સરકાર સામે અશોભનીય શબ્દનો ઉપયોગ કર્યાની વિગતો બહાર આવી છે જેના પગલે રમણભાઈ વોરાને પણ આચારસંહિતા ભંગની નોટીસ ફટકારવામાં આવી છે.

આ ઉપરાંત અમદાવાદમાંથી ચૂંટણી રહેલા ફિલ્મ એક્ટર પરેશ રાવલને પણ આચારસંહિતાના ભંગ બદલ નોટીસ આપવામાં આવી છે. જીપીપીસીના પ્રમુખ અર્જુન મોઢવાડીયાએ ચૂંટણીપ્રચાર દરમિયાન નરેન્દ્ર મોદીને હિટલર સાથે સરખાવ્યા હતાં જેના સંદર્ભમાં તેમનો પણ ખુલાસો પુછવામાં આવ્યો છે. લઘુમત્તિ મોરચાના અગ્રણી ખુરશીદ સૈયદને પણ નોટીસ આપવામાં આવી હોવાનું જાણવા મળે છે.

# રાજ્યભરમાં કુલ ૧૦૩૬૧૫ બિનઅધિકૃત સામગ્રી દૂર થઈ

ગાંધીનગર, તા. ૨૪

આગામી લોકસભા સામાન્ય ચૂંટણી ૨૦૧૪ મુક્ત, ન્યાયી અને પાર્દર્શક વાતાવરણમાં યોજાય એ માટે ભારતના ચૂંટણી પંચે આપેલા માર્ગદર્શન અનુસાર ગુજરાત રાજ્યમાં આદર્શ આચારસંહિતા સંદર્ભે અસરકારક પગલાં ભરવામાં આવી રહ્યા છે, જે અન્વયે તા. ૨૧-૪-૧૪ સુધીમાં કુલ ખાનગી અને જાહેર સ્થળોએથી દિવાલ પર લખવામાં આવેલા સુત્રો, પોસ્ટર્સ, બેનર્સ તથા અન્ય પ્રચારાત્મક સામગ્રીના કિસ્સાઓ પૈકી ૧,૦૩,૬૧૫ સુત્રો, પોસ્ટર્સ, બેનર્સ તથા અન્ય પ્રચારાત્મક સામગ્રી દૂર કરવામાં આવી છે. જે પૈકી જાહેર સ્થળો ઉપરથી ૯૮,૬૩૮ કિસ્સાઓમાં દિવાલો પર લખવામાં આવેલા ભીંતસૂત્રો ૩૬,૪૬૪ પોસ્ટર્સ ૧૯,૭૯૨ બેનર્સ ૧૧,૮૬૦ હટાવાયા છે, જ્યારે અન્ય પ્રકારની ૩૦,૫૨૨ જેટલી પ્રચારાત્મક સામગ્રી દૂર કરવામાં આવી છે.

એમ મુખ્ય નિર્વાચન અધિકારીની યાદીમાં વધુમાં જણાવાયું છે. ચૂંટણી તંત્ર દ્વારા આદર્શ આચારસંહિતા માટે લેવામાં આવી રહેલા રાજયવ્યાપી પગલાંઓ સંદર્ભમાં યાદીમાં વધુમાં જણાવાયું છે કે જાહેર મિલકતોની દિવાલો ઉપર સૂત્રો લખવા, પોસ્ટર્સ ચોટાડવા, બેનરો લગાવવા કે અન્ય પ્રચારાત્મક સામગ્રી માટે ઉપયોગ કરવાના કુલ ૯૮,૬૩૮ કિસ્સાઓ નોંધાયા હતા. જૈ પૈકી ૯૧,૬૨૮ મિલકતનો આ પ્રકારની પ્રચારાત્મક સામગ્રી હટાવવાની કાર્યવાહી પૂર્ણ થઈ છે જ્યારે ખાનગી મિલકતોને આ પ્રકારની પ્રચારાત્મક કામગીરી માટે ઉપયોગ કરવાના કુલ ૧૩,૯૨૬ કિસ્સાઓ નોંધાયા છે. જે પૈકી ૧૧,૯૭૮ કિસ્સાઓમાં આ પ્રકારની પ્રચારાત્મક સામગ્રી દૂર કરવાની કાર્યવાહી પરિપૂર્ણ કરવામાં આવી છે.



એએપીના નેતા અને હાલમાં વિવાદમાં ઘેરાયેલા સાજિયા ઈલ્મી અમદાવાદમાં પહોંચ્યા હતા. સાજિયાએ પત્રકાર પરિષદને યોજીને પક્ષના ચૂંટણી ઢંઢેરા અંગે વાત કરી હતી.

# પરીક્ષા સચિવ બે દિવસના ચેરમેનને અહેવાલ સોંપશે

## ધોરણ-૧૨ ની ૩૯ ઉત્તરવહીઓ રસ્તે રઝળતી મળવાના પ્રકરણની બોર્ડની તપાસ પૂર્ણ : નવી વિગતો ખુલી શકે છે

અમદાવાદ, તા. ૨૪

વડોદરા નજીક હાલોલના જરોદ રોડ ખાતે ધો-૧૨ કોમર્સની સંસ્કૃત વિષયની ૩૯ ઉત્તરવહીઓ રસ્તે રઝળતી મળવાના પ્રકરણની બોર્ડે પોતાની તપાસ પૂર્ણ કરી લીધી છે. હવે બોર્ડના પરીક્ષા સચિવ અને તપાસ અધિકારી બે દિવસમાં રસ્તે રઝળતી મળેલી ૩૯ ઉત્તરવહીઓ ગુમ થવાની ઘટનાથી રાજ્યભરમાં મચેલા ભારે હોબાળા વચ્ચે બોર્ડના ચેરમેન આર.આર. વરસાણી તાત્કાલીક અસરથી બોર્ડના પરીક્ષા સચિવ જી.ડી. પટેલને સમગ્ર પ્રકરણની તપાસ કરવાનો આદેશ કર્યો છે.

પ્રાપ્ત થતી માહિતી મુજબ ન્યાયિક અને નિષ્પક્ષ તપાસ સાથે ઝડપથી તપાસ રિપોર્ટ આપવા માટે બોર્ડ પર ચારેબાજુથી દબાણ ઉભું થતાં જ બોર્ડના પરીક્ષા સચિવે છેલ્લા ૧૦ દિવસમાં ઝડપભેર પોતાની તપાસ હાથ ધરીને ૩૯ ઉત્તરવહીઓ રસ્તે રઝળતી મળી આવવાનો રિપોર્ટ તૈયાર કરી દીધો છે. રિપોર્ટમાં મીનીબસના ડ્રાઈવર, બોર્ડના પટાવાળા અને પોલીસ સ્ટાફની નિષ્કાળજીને ધ્યાનમાં લેવામાં આવી હોવાની વિગતો બહાર આવી છે. સંસ્કૃતની ૩૯ ઉત્તરવહીઓ રસ્તે રઝળતી મળવાના પ્રકરણની તપાસ કરી રહેલા બોર્ડના પરીક્ષા સચિવ અને તપાસ અધિકારી જી.ડી. પટેલે જણાવ્યું હતું કે ૩૯ ઉત્તરવહીઓ અંગેનો સંપૂર્ણ રીપોર્ટ તૈયાર થઈ ગયો છે. બોર્ડના ચેરમેનનો સમય લીધો છે બે દિવસની અંદર બોર્ડના ચેરમેન આર.આર. વરસાણીને સોંપી દઈશું. ઉલ્લેખનીય છે કે ધોરણ-૧૨ કોમર્સની સંસ્કૃતની ૩૯ ઉત્રવહીઓ રસ્તે રઝળતી મળતાં જ રાજ્યભરના વિદ્યાર્થી-વાલીઓ તેમજ શિક્ષણવિદોમાં ભારે સન્નાટો છવાઈ ગયો હતો. એમાંય ૩૯ ઉત્તરવહીઓ પૈકી એક ઉત્તરવહી રાજકોટના વિદ્યાર્થીઓની હોવાનું બહાર આવતાં જ રાજકોટના ધોર-૧૨ના હજારો વિદ્યાર્થીઓ અને વાલીઓમાં ભૂંકપ જેવી સ્થિતિ સર્જાઈ હતી.

# બ્રેક ફેઈલ થઈ જતાં એકાએક બસ ડિવાઈડર સાથે અથડાઈ

## અમદાવાદ શહેરના ઈદગાહ સર્કલની પાસે બપોરે બનાવ બનતા ભારે અફડાતફડી : તમામ કાફલો પહોંચી ગયો

અમદાવાદ, તા. ૨૪

અમદાવાદના કાલુપુર ઈદગાહ સર્કલ પાસે બપોરે ૧૨ વ્ગાયની આસપાસ એએમટીએસની બુટ ભવાની - કલાપીનગરની ૩૪/૫ નંબરની બસની બ્રેક ફેઈલ થતાં અકસ્માત સર્જાયો હતો. બસની બ્રેક ફેઈલ થતા બસ ડિવાઈડર સાથે ટકરાઈ હતી. જેમાં ૧૫ થી ૨૦ લોકોને ઈજાઓ પહોંચી હતી. જો કે બસ ડિવાઈડર સાથે અથડાય તે પહેલા ડ્રાઈવર બહાર કુદી ગયો હતો જો કે તે બસના આગળ ટાયરથી અડધા ફુટના અંતરે પડ્યો હતો. જો કે ડ્રાઈવરને ઘટનાસ્થળે ઉપસ્થિત એક ફોરમેન તેને બહાર કાઢી લીધો હતો.

આ ઘટનાની વિગત એવી છે કે શહેરના કાલુપુર વિસ્તાર સ્થિત ઈદગાહ સર્કલ પાસે એએમટીએસની ૩૪/૫ રૂટની બસ બપોરે ૧૨ વાગ્યાના અરસામાં બ્રેક ફૈલ થઈ ગઈ હતી. જેમાં બસ ડ્રાઈવરે સમય સુચકતા વાપરી બસને ડિવાઈડર સાથે ટકરાવી દીધી હતી અને પોતે બસમાંથી કુદી



ગયો હતો. બસ ડિવાઈડર સાથે અથડાતા બસમાં બેઠેલા મુસાફરોમાંના ૧૫ થી ૨૦ મુસાફરોને ઈજા પહોંચી હતી અને બસ ડ્રાઈવર કુદયા પછી બસના આગળ ટાયરથી અડધા ફુટના અંતરે પડ્યો હતો. કદાચ બસ આગળ વધે તો ટાયર નીચે આવી જવાની સંભાવના હોવાથી ઘટનાસ્થળ પર ઉપસ્થિત એક ગરેજના ફોરમને તેને બહાર કાઢી લીધો હતો. આ ઘટનાને નજરે નિહાળનાર ગેરેજના માલિક ફોરમેન ઈબ્રાહિમ શેખે જણાવ્યું હતું કે એએમટીએસની બસ બ્રિજ પરથી ઉતરી રહી હતી તે જ વખતે બ્રેક ફેઈલ થઈ ગઈ હતી. લગભગ ૩૦ થી ૪૦ ની સ્પીડે દોડી રહેલી બસને કંટ્રોલ કરવાનો પ્રયત્ન ડ્રાઈવરે કર્યો હતો પરંતુ બર ઉભી ન રહેતા ડ્રાઈવરે બસને ડિવાઈડર તરફ વાળી દીધી હતી જો કદાચ ડ્રાઈવરે આવું ન કર્યું હોત તો ખતરનાક અકસ્માત થઈ જાત.

આ ઘટનામાં ૧૫ થી ૨૦ મુસાફરોની નાની-મોટી ઈજાઓ થઈ હતી. આ ઈજાગ્રસ્તોને ૧૦૮ દ્વારા સિવિલ હોસ્પિટલ ખાતે ખસેડવામાં આવ્યા હતા.

# ‘આપ’ પાર્ટીની ગાંધીનગર ગ્રામ્ય વિસ્તારમાં રેલી યોજાઈ

ગાંધીનગર, તા. ૨૪


ગાંધીનગર બેઠક પર આમ આદમી પાર્ટીના ઉમેદવાર રીતુરાજ મહેતા દ્વારા મત વિસ્તારમાં સમાવિષ્ટ ગામડાઓમાં લોક સંપર્ક અભિયાન યોજવામાં આવ્યું હતું.

આમ આદમી પાર્ટીના ઉમેદવાર રીતુરાજ મહેતા અને કાર્યકરો દ્વારા ગાંધીનગર બેઠકના ગ્રામ્યવિસ્તારમાં લોકસંપર્ક અભિયાન યોજાયું હતું. અભિયાનની શરૂઆત સવારે પેથાપુરથી કરવામાં આવી હતી. જેમાં મોટી સંખ્યામાં આપના કાર્યકરો જોડાયા હતા.

આપ દ્વારા પેથાપુર, સરઢવ, રૂપાલ, સોનીપુર, વાસન, ઉનાવા સહિતના ગામડામાં લોકસંપર્ક યોજવામાં આવ્યો હતો. આપના ઉમેદવાર રીતુરાજ મહેતાને મોટી સંખ્યામાં આવકાર મળતો હતો. વિસ્તારના મતદારોએ પોતાની સમસ્યાઓ પણ ઉમેદવારને જણાવી હતી.

દિલ્હીમાં આપની સરકારને મળેલી સફળતા બાદ આપ દ્વારા સમગ્ર દેશમાં ઉમેદવારો ઉભા રાખવામાં આવ્યા છે. ત્યારે દેશમાં પણ યુવાનોમાં આમ આદમી પાર્ટીને સપોર્ટ કરવામાં આવી રહ્યો છે. ભ્રષ્ટાચારથી કંટાળેલા મતદારો આ વખતે આપ પાર્ટીને વિજયી બનાવે તો નવાઈ નહી.

## શબ્દાવલી - ૫૩૭૭



| આડી ચાવી | ઊભી ચાવી |
|---|---|
| ૧. દરિયાદીલ, કૃપાળું (૫) | ૧. પાવતી બુક, રીસીપ્ટ બુક (૫) |
| ૫. કાપડની પહોળાઇ, ગજુ(૨) | ૨. સાગર, મારી... ઉતારો રાજ (૨) |
| ૬. મુડી, રકમ (૩) | ૩. એક રાશિનું નામ (૩) |
| ૭. કેડ, કડ (૩) | ૪. પેરાલીસીસ (૩) |
| ૯. ગભરાયેલ કે બેબાકળું (૪) | ૫. ઉપર (૨) |
| ૧૧. બેન, દીદી (૨) | ૮. મોરનું એક નામ (૩) |
| ૧૩. વહાણની દિશા નક્કી કરતું સાધન (૩) | ૧૦. નવરાશ (૪) |
| ૧૫. જરૂરિયાત વગર પૈસો ન વાપરવો તે (૫) | ૧૨. નર્ક, દોઝખ (૩) |
| ૧૮. પુષ્કળ, મોટું, વિશાળ (૨) | ૧૪. ગરમ વસ્તુ ચામડી પર ચાંપી દેવી તે (૨) |
| ૧૯. ચાંપતી ઉઘરાણી (૩) | ૧૬. સત્ય વચન (૪) |
| ૨૧. વસવાટ, રહેવાસ (૩) | ૧૭. ખરાબ, અંજામ (૩) |
| ૨૩. આ પ્રમાણે, આતરફ (૨) | ૨૦. ‘આગ’નું ઊંધુ (૨) |
| ૨૪. કુંભ, લોટા આકારનો ઘડો (૩) | ૨૨. કલંક, ખોટો આરોપ (૨) |

### શબ્દાવલી ૫૩૭૬ના જવાબ

***આડી ચાવી :-*** (૧) આવકવેરા (૪) બાજ (૬) મરજી (૭) નકુળ (૮) વીર (૯) કંસમામા (૧૧) કામાનસ (૧૨) કસર (૧૩) ખાર (૧૪) લીસુ (૧૫) મોલ (૧૬) ખર (૧૭) રસાળ

***ઊભી ચાવી :-*** (૧) આમરણાંત (૨) વર (૩) કજીયાકંકાસ (૪) બાકુ (૫) જળબંબાકાર (૭) નરમાસ (૮) વીમાન (૧૦) સમારકામ (૧૨) કસુર (૧૩) ખાલસા (૧૪) લીખ (૧૫) મોર



દરેક સ્ત્રી-પુરૂષ ‘શીવ શક્તિ’ હોય તે વધુ સારૂ. આ વાક્ય કહેતા જાણીતા કલાકાર સૌનાલી રૂપકુમાર રાઠોડ સ્ત્રીઓને પગભર અને સ્વમાનભેર જીવવુ જોઈએ પણ પુરૂષનાં અહંકારને ઠેસ ન લાગે તે પણ જોવાનું છે. સુરેન્દ્રનગરના રાણપુરમાં જન્મેલા અને હાલ મુંબઈ સ્થીત સૌનાલી રૂપકુમાર રાઠોડ એક ગુજરાતણ તરીકે સંગીતમાં ઊંચા શિખર સર કરી ચુક્યા છે. તેમના પતિ રૂપકુમાર રાઠોડ પણ જામનગર ઘરાનાના સંગીત શીખેલા મહાન સંગીતકારના પુત્ર છે. પંડિત ચર્તુભુજના ત્રણે દિકરા (બ્રહ્મકુમાર, વિનોદકુમાર અને રૂપકુમાર)ને સંગીત વારસામાં મળી છે. એક ખાસ અંદાજથી પ્રસિદ્ધ થયેલ આ દિગ્ગજ કલાકાર ગુજરાતી સંગીતને ખુબ જ મહત્વ આપે છે. પણ સારી ગુજરાતી ફિલ્મોનાં અભાવે ગુજરાતી સંગીત ઓછુ પસંદ થાય છે તેવુ તેમનું કહેવું છે. રૂપકુમાર અને સૌનાલી રાઠોડની દીકરી રીવા રાઠોડ પણ માતા પિતાની જેમ વિધિવત સંગીતની તાલીમ પંડીત રાજન સાજન પાસે લઈ ચુકી છે. તેણીએ વેસ્ટર્ન પીયાનોમાં લંડનથી રોયલ સ્કૂલમાંથી પ્રથમ ક્રમે પરીક્ષા પાસ કરી છે. (તસવીર : સંજય તન્ના)

# ગાંધીનગર જિલ્લામાં આજે વિશ્વ મેલેરિયા દિવસની ઉજવણી કરાશે

ગાંધીનગર, તા. ૨૪

ગાંધીનગર જિલ્લામાં વિશ્વ મેલેરિયા દિવસની ઉજવણી માટે ચાર તાલુકાઓમાં અલગ - અલગ કાર્યક્રમો નિયત કરવામાં આવ્યા છે. જેમાં લોકજાગૃતિ પર વિશેષ ભાર મૂકવામાં આવ્યો છે. વિશ્વમાં દર એક મિનિટે ૬૦ જેટલા બાળકો મેલેરિયાના કારણે મૃત્યુ પામે છે. જે ખાસ કરીને આફ્રિકામાં સૌથી વધારે છે.

ગુજરાતમાં મેલેરિયાના બે પ્રકાર સૌથી વધારે જોવા મળે છે. જેમાં ફાલસીપેરમ તેમજ સાદો મેલેરિયાના કેસોનો સમાવેશ થાય છે. જિલ્લામાં ગયા વર્ષે મેલેરિયાના કેસોમાં ઘટાડો થયો હતો. પરંતુ મચ્છરોથી જ ફેલાતો ડેન્ગ્યુ અને ચિકનગુનિયાના કેસોમાં વધારો જોવા મળ્યો હતો. આ વખતે કલોલ તાલુકાના ત્રણ ગામોમાં મેલેરિયાની દવાનો સ્પ્રે પણ કરવામાં આવનાર છે.

### ભાજપનો જનસંપર્ક... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

કાર્યકર્તાઓએ પક્ષના ઉમેદવાર માટે પ્રચાર કર્યો હતો. આ દરમિયાન અડવાણીના પુત્ર જયંત અડવાણી પણ પ્રચાર ઝુંબેશમાં જોડાયા હતા. તેમણે લોકસંપર્ક દરમિયાન સેકટરવાસીઓ તેમજ શોપિંગના વેપારીઓને પણ અડવાણીજીને જંગી બહુમતીથી વિજયી બનાવવા અપીલ કરી હતી. આ ઉપરાંત સેકટરમાં ઘરે ઘરે પક્ષને વિજયી બનાવવા નાગરિકોને મેસેજ આપ્યો હતો. બપોર સુધીમાં જયંત અડવાણીની પ્રચાર ઝુંબેશ આટોપી લેવામાં આવી હતી. જયારે રાત્રિના પણ જીઈબી વિસ્તારમાં પ્રચાર કામગીરી આરંભી દેવાઈ હતી. જીઈભીમાં ડોર ટુ ડોર પ્રચાર સાથે ભાજપે શહેરી વિસ્તારમાં ડોર ટુ ડોર પ્રચાર ઝુંબેશ પૂર્ણ કરી દીધી છે. જો કે સે-૩૦ની બાકી રહેલી અમુક સોસાયટીઓમાં આજે પ્રચાર હાથ ધરાશે તેમ પણ પક્ષના વર્તુળોમાંથી જાણવા મળ્યું છે.

### બમ્પર મતદાન... ● અનુસંધાન પહેલાનું ચાલુ

શરૂ થઈ હતી. ૧૧ રાજ્યો અને એક કેન્દ્ર શાસિત પ્રદેશમાં યોજાનાર મતદાનને લઈને તમામ તૈયારીઓ પહેલાથી કરી લેવામાં આવી હતી. જે રાજ્યોંમાં આ તબક્કામાં સવારે મતદાનની શરૂઆત થઈ હતી તેમાં તમિળનાડુમાં ૩૯, મહારાષ્ટ્રમાં ૧૯, ઉત્તરપ્રદેશમાં ૧૨, મધ્યપ્રદેશમાં ૧૦, બિહારમાં સાત, છત્તીસગઢમાં સાત, આસામમાં છ, પશ્ચિમ બંગાળમાં છ, રાજસ્થાનમાં પાંચ, ઝારખંડમાં ચાર, જમ્મુ કાશ્મીરમાં એક અને પુડુચેરીમાં એક બેઠકનો સમાવેશ થાય છે. તમિળનાડુમાં ૫.૫૦ કરોડ મતદારો આશરે ૬૧૦૦૦ મતદાન મથકો ઉપર મતદાન કરવા ઉત્સુક દેખાયા હતા. એકંદરે ૫૫ મહિલાઓ ૮૪૫ ઉમેદવારોના ભાવિ ઈવીએમમાં સીલ થઈ ગયા હતા. જે ઉમેદવારોના ભાવિ ઈવીએમમાં સીલ થઈ ગયા હતા તેમાં ભૂતપૂર્વ કેન્દ્રિય પ્રધાન દયાનિધિ મારન, એ રાજા, ટીઆર બાલુ, ટીકેએસ એલાનગોવનનો સમાવેશ થાય છે. કોંગ્રેસના મણિશંકર અય્યર, પીએમકેના નેતા અંબુમણિ રામદોસના ભાવિ પણ સીલ થઈ ગયા હતા. તમામ જગ્યાઓએ સઘન સુરક્ષા વ્યવસ્થા રાખવામાં આવી હતી. સવારમાં સાવચેતીના તમામ પગલા લેવામાં આવ્યા હતા. આસામમાં સાવચેતીના તમામ પગલા લેવાયા હતા. સંવેદનશીલ મતદાન મથકો ઉપર માઈક્રો ઓબ્ર્ઝરવર પણ તૈનાત કરવામાં આવ્યા હતા. રાજસ્થાનમાં પાંચ બેઠકો માટે મતદાન શરૂ થયું હતું જેમાં અલવર, ભરતપુર, દોશા, ટોંક, સવાઈમાધોપુર, કરોલીનો સમાવેશ થાય છે. પશ્ચિમ બંગાળમાં છ લોકસભાની બેઠક પર મતદાનની શાંતિપૂર્ણરીતે શરૂઆત થઈ હતી. જેમાં અંતે રેકોર્ડ મતદાન થયું હતું.

### દેશને બચાવી શકશે... ● અનુસંધાન પહેલાનું ચાલુ

છે. ખેડૂત, યુવા, સ્ત્રી, ઉદ્યોગો સૌને સાથે લઈને ચાલે છે. ગ્રામ વિકાસ અને શહેરી વિકાસનું સંતુલન જાળવી રાખવામાં આવ્યું છે. ગુજરાત સરકાર પર નિશાન તાકતા સોનિયા ગાંધીએ જણાવ્યું હતું કે ગુજરાત સરકાર પર ૧ લાખ ૭૫ હજાર રૂપિયાનું દેવું છે. તમે જ કહો આને સ્વર્ગ કહેવાય ખરૂ ? તેવો પ્રશ્ન સોનિયા ગાંધીએ લોકોને પૂછ્યો હતો. ભાજપના લોકોને માત્ર પોતાની ખુરશી વહાલી છે તેમને લોકોની કંઈ જ પડી નથી. જ્યારે કોંગ્રેસ પાર્ટી સમાજ માટે કામ કરે છે. ૨૦૧૪ના ચૂંટણી ઢંઢેરામાં અમે લોકોની દરેક વાતનું ધ્યાન રાખ્યું છે, દેશના લોકોને મફ્ત ઈલાજ અને દવા મળી રહે તે માટે સ્વાસ્થ્ય અધિકારનો ખરડો લાવ્યા. આ પ્રસંગે પાટણ મહેસાણા-બનાસકાંઠા અને સાબરકાંઠાના કોંગ્રેસના ઉમેદવારો ઉપસ્થિત રહ્યા હતા.